©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVI ] THURSDAY, 06th NOVEMBER, 2025/KARTIKA 15, 1947 [ Issue No. 45**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 991-1002 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A** | | **PART - II** | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 4505-4640 |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### By the Prinicipal District Judge

**Read :** *Letter No. B.1458/79(14), dated 14-10-2025 of the Hon'ble High Court of Gujarat*

### OFFICE ORDER

No. UHC/03/2025.-In view of the above referred confidential letter of Hon'ble the High Court of Gujarat, the Principal District Judge, Rajkot, is pleased to pass the following order of promotion and posting of incumbents, who are working in the Cadre of Gujarati Stenographer (Grade-II) (Group-B) to the Cadre of Gujarati Stenographer, Grade-I (Group-A), Gazetted Officer, Class-I, as per 7th Pay, Level-11 in pay matrix, 67,700-2,08,700, purely on temporary basis and on probation for a period of one year, with immediate effect :

| Sr No. | Name and Present Designation of the Employee | Present Posting | Promoted & Posted as | Remarks |
|---|---|---|---|---|
| 1 | Ms. N. K. Lakhani, Gujarati Stenographer, Grade-II (Group-B) | Pri. Sr. Civil Judge Court, Rajkot | Gujarati Stenographer, Grade-I (Group-A), District Court, Rajkot | She is dircted to perform her duty as such in the Courts assigned to her. earlier by this office. |
| 2 | Mr. D. N. Budheliya, Gujarati Stenographer, Grade-II (Group-B) | Pri. Sr. Civil Judge Court, Rajkot | Gujarati Stenographer, Grade-I (Group-A), District Court, Rajkot | He is directed to perform his duty as such in the Courts assigned to him, earlier by this office |
| 3 | Mr. H. S. Kandoliya, Gujarati Stenographer, Grade-II (Group-B) | Pri. Sr. Civil Judge Court, Rajkot | Gujarati Stenographer, Grade-I (Group-A), District Court, Rajkot | He is directed to perform his duty as such in the Courts assigned to him, earlier by this office |

Rajkot, 14th October, 2025.

**J. R. SHAH,**
Principal District Judge,
Rajkot.

---

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે**

### જાહેરનામું

નં. એમએજી/સી-૩૩(૧)(ખ)/૨૬૯-૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની કચેરીના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જા.ના./દરખાસ્ત/૧૭૮૧/ ૨૦૨૫,તા. ૨૬-૦૯-૨૦૨૫ના પત્રની વિગતે આગામી તા. ૩૦-૦૯-૨૦૨૫ ના રોજ પરંપરાગત ધાર્મિક તહેવાર પુંજની ઉજવણી બળેજ ગામે કરવામાં આવનાર છે. આ તહેવારની ઉજવણી અનુસંધાને માધવપુર પોલીસ સ્ટેશન વિસ્તારનાં બળેજ ગામ ખાતે ખુબ જ મોટા પ્રમાણમાં (અંદાજીત ૧ લાખ જેટલા લોકો) રબારી સમાજના બહેનો/ભાઈઓ એકઠા થઈ ધાર્મિક વિધિ કરી આ મહોત્સવની ઉજવણી કરતા હોય છે. આ પુંજ મહોત્સવ નિમિતે પોરબંદર જિલ્લાના તથા આસપાસના વિસ્તારો તથા નજીકના જિલ્લાઓમાંથી ખુબ જ મોટા પ્રમાણમાં રબારી સમાજના યાત્રાળુ/શ્રધ્ધાળુઓ આ મહોત્સવમાં પધારવાની શકયતા રહેલી છે. આ પુંજ મહોત્સવના સ્થળની બાજુમાં નેશનલ હાઈવે રોડ પસાર થતો હોય, તેમજ સદરહું પુંજ મહોત્સવના સ્થળે અગાઉ રાયોટીંગનો બનાવ બનેલ હોય જેથી ટ્રાફીક વ્યવસ્થા તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ તા. ૩૦-૦૯-૨૦૨૫ ના ક. ૧૦-૦૦ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ ના ક. ૧૨-૦૦ સુધી નીચે જણાવ્યા મુજબના રસ્તેથી ડાઈવર્ઝન જાહેર કરવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. સબબ, ઉક્ત દરખાસ્ત યોગ્ય જણાતી હોય જેથી નીચે મુજબની વિગતે જાહેરનામું બહાર પાડવુ ઈષ્ટ જણાય છે.

સબબ, હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતે આવક-જાવક માટે તા. ૩૦-૦૯-૨૦૨૫ ના ક. ૧૦-૦૦ થી તા. ૦૧-૧૦-૨૦૨૫ ના ક. ૧૨-૦૦ સુધી ટ્રાફીક નિયમન કરવા ફરમાવું છું.

- માંગરોળ તરફથી આવતા તમામ વાહનો મોચા થી કડછ, બગસરા, અમીપુર, મૈયારી, કાંસાબડ, સેગરસ, પસવારી થઈ કુતિયાણા

બાયપાસ થઈ નેશનલ હાઈવે સુધી તેમજ પોરબંદર જુનાગઢ તરફથી આવતા તમામ વાહનો કુતિયાણા બાયપાસ નેશનલ હાઈવેથી પસવારી, સેગરસ, કાંસાબડ, મૈયારી, અમીપુર, બગસરા, કડછ થી મોચા તરફ જવાનું રહેશે.

- પોરબંદરથી આવતા ફોરવ્હીલ વાહનો દુધી સીમ કાચા રસ્તેથી બળેજ ગામના બસ સ્ટેશન થઈ ટોંડારા પાટીયા તરફ અને માંગરોળ, માધવપુર તરફથી આવતા ફોરવ્હીલ વાહનો ટોંડારા પાટીયા થઈ બળેજ ગામના બસ સ્ટેશન થઈ દુધી સીમ કાચા રસ્તેથી પોરબંદર તરફ જવાનું રહેશે.
- પોરબંદર તરફથી આવતા ફોરવ્હીલ આવતા વાહનો બળેજ ગામ હાઈવે રોડ ગોકુળ ડેરી સામેથી માધવપુર તરફ તેમજ માધવપુર તરફથી આવતા ફોરવ્હીલ વાહનો બળેજ ગામ હાઈવે રોડ કોસ્ટલ આઉટપોસ્ટ પાસેથી કાચા રસ્તે થઈ ગોકુળ ડેરી બળેજ ગામ હાઈવે રોડ ઉપરથી પોરબંદર તરફ જવાનું રહેશે.
- માધવપુર તરફથી આવતા ફોરવ્હીલ વાહનો મોચા થી કડછ બગસરા, અમીપુર, મૈયારી, ગરેજ, ચીકાસા થઈ નેશનલ હાઈવે સુધી તેમજ પોરબંદર તરફથી આવતા ફોરવ્હીલ વાહનો ચીકાસા થી ગરેજ, મૈયારી, અમીપુર, બગસરા, કડછ, મોચા થઈ નેશનલ હાઈવે તરફ જવાનું રહેશે.

ઉપર મુજબની વિગતે આવવા-જવા માટે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું ઉપર જણાવેલ તારીખ અને સમય દરમિયાન અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૨૬-૦૯-૨૦૨૫ ના રોજ જાહેરનામું બહાર પાડયુ.

પોરબંદર, ૨૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

**એસ. ડી. ધાનાણી**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

### ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-33(૧)(ખ) હેઠળનું

## જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/ભા.વા./૦૩/૨૫.-માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), જામનગરના નિયંત્રણ હેઠળના માર્ગ અને મકાન પેટા વિભાગ, જામજોધપુર હસ્તકના જામનગર-લાલપુર-પોરબંદ રોડ (એસ.એચ.-૨૭) બીટ કિ.મી. ૨૪/૦૦ થી ૨૬/૮૦૦ જે રસ્તાની લંબાઈ ૨.૮૦૦ કી.મી. છે. આ રસ્તા પર હયાત એક મેજર બ્રીજ કિ.મી. ૨૬/૩ પર આવેલ છે. ડીઝાઈન સર્કલ તરફથી થયેલ ઈન્સ્પેકશનમાં બ્રીજની સ્થિતિ Poor (ખરાબ) જણાવેલ છે તેમજ મલ્ટી મિડીયા કન્સલ્ટન્ટ દ્વારા પણ બ્રીજનું સ્થળ નિરીક્ષણ કરી ભારે તથા તેનાથી ઉપલી શ્રેણીના વાહનો માટે અવર-જવર બંધ રાખવા સૂચન કરેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જામનગર દ્વારા સ્થળ તપાસ કરી સદર રસ્તા પર કૈલાસ પેટ્રોલ પંપ થી સેવક ભાટિયા જંક્શન સુધી કે જેની ચેઈનેજ કિ.મી. ૨૪/૦ થી ૨૬/૮ અને લંબાઈ ૨.૮૦૦ કિ.મી. રસ્તાને ભારે વાહનો તથા તેનાથી ઉપલી શ્રેણીના વાહનોને પ્રતિબંધિત કરવા જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત રજુ કરેલ છે. તેમજ આ અંગેનું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી પણ અભિપ્રાય થયેલ છે.

તેથી હું, ભાવેશ એન. ખેર, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, નીચેના કોષ્ટકના કોલમ નં.(૨) મુજબના બ્રીજ વાળો રસ્તો, તમામ પ્રકારના વાહનો તેમજ તેનાથી ઉપલી શ્રેણીના વાહનો માટે કોલમ નં. (૩) મુજબની વૈકલ્પિક રૂટની વ્યવસ્થા સાથે આજ રોજ તા. ૧૯-૦૭-૨૦૨૫ થી અન્ય કોઈ સુચના કરવામાં ન આવે ત્યાં સુધી સદંતર બંધ કરવામાં આવે છે.

| ક્રમ | બંધ કરેલ રૂટ | વૈકલ્પીક રૂટ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | જામનગર-લાલપુર-પોરબંદર રોડ (એસ.એચ. ૨૭) કૈલાશ પેટ્રોલ પંપ થી સેવક ભાટિયા જંકશન સુધી કે જેની ચેઈનજ કિ.મી. ૨૪/૦ થી ૨૬/૮ અને લંબાઈ ૨.૮૦૦ કિ.મી. રસ્તો | કૈલાશ પેટ્રોલ પંપ-હરિપર એપ્રોચ રોડ-સેવક ભાટિયા જંકશન વાળો રસ્તો |

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાથી ભારે વાહનો તથા તેનાથી ઉપલી શ્રેણીનાં વાહનો માટે પ્રતિબંધિત કરેલ બ્રીજ વાળા રસ્તા અંગેની જાહેર જનતા/ વાહન ચાલકોને સરળતાથી જાણકારી મળી રહે તે માટે જે તે સ્થળે સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા યોગ્ય સાઈઝના બોર્ડ માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), જામનગરએ મુકવાના રહેશે. તેમજ આ પ્રતિબંધિત રસ્તા ખાતે યોગ્ય ઉંચાઈ તથા પહોળાઈના બેરીયર લગાવવાના રહેશે. આ જાહેરનામાંની પ્રસિદ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિદ્ધ કરવું.

આજ તા. ૧૯ માહે-જુલાઈ, ૨૦૦૫ ના રોજ મારી સહી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૧૯ માહે જુલાઈ, સને ૨૦૨૫.

**ભાવેશ એન. ખેર**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

## જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-૮૧૦-૧/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ

માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૦૭-૧૦-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામા ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૧૦-૧૦-૨૦૨૫ થી તા. ૨૩-૧૦-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૦૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૦૮૩/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૪-૧૦-૨૦૨૫ ના રોજથી તા. ૨૮-૧૦-૨૦૨૫ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૯-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૯ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૧૯૫૮/૨૦૨૫.-નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(PIL) નં. ૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે. વધુમાં ગૃહ વિભાગના તા. ૧૭-૦૯-૨૦૨૫ના પરિપત્ર નં. HD/MIS/e-file/8/2025/778/SB2 થી આ કામે જાહેરનામું બહાર પાડવા સૂચના થયેલ છે. જેથી આર્થિક ફાયદા સારૂ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતુ હોવાથી દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી પ્રતિબંધિત જાહેરનામુ બહાર પાડવુ આવશ્યક જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ આથી હું પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવે છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર હંગામી પ્રતિબંધ મૂકું છું.

સદરહુ હુકમ તા. ૦૬-૧૦-૨૦૨૫ થી તા. ૦૫-૧૧-૨૦૨૫ સુધી (બન્ને દીસવોસ સુધ્ધા) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામુ જાહેર વિસ્તારોમાં સહેલાયથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૬-૧૦-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામુ બહાર પાડેલ છે.

બોટાદ, ૦૬ માહે જાન્યુઆરી, સને ૨૦૨૫.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૦૩૯/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ ઓકટોબર-૨૦૨૫ તથા આગામી નવેમ્બર-૨૦૨૫ ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૧૦-૨૦૨૫ થી તા. ૦૮-૧૧-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

**આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૧૦-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

---

## પોલીસ કમિશ્નર દ્વારા

### ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(યુ) અન્વયે કાઢેલ હુકમ

**વંચાણે લીધા :** સંયુકત સચિવ (કા.વ્ય.) ગૃહ વિભાગ પત્ર ક્રમાંક : વિ.૨/ ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઈ-૧૧૨(પા.ફા.-૧) સચિવાલય ગાંધીનગર તા. ૧૦-૧૦-૨૦૨૪ અન્વયે.

### હુકમ

ક્રમાંક : એસ.બી./૧૪/દિવાળી/ફટાકડા જાહેરનામું/૪૧૪૭/૨૦૨૫.- નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષની રીટ પીટીશન સીવીલ નં. ૭૨૮/૨૦૧૫માં તા. ૨૩-૧૦-૨૦૧૮ (એનેક્ષર-૧) તા. ૩૦-૧૦-૨૦૧૮ અને તા. ૩૧-૧૦-૨૦૧૮ ના રોજ થયેલ આદેશમાં ફટાકડા સબંધમાં આપવામાં આવેલ સુચનાઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫માં તા. ૨૯-૧૧-૨૦૨૧ ના હુકમ (એનેક્ષર-૫) દ્વારા પ્રતિબંધિત ફટાકડા ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભમાં આપવામાં આવેલ સુચનાઓની અમલવારી કરવા હુકમ કરવામાં આવેલ. દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિતે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે આપેલ દિર્શાનિર્દેશો ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે રાજકોટ શહેર વિસ્તારમાં ખરીદ, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે તેમજ તા. ૦૯-૧૧-૨૦૨૦ ના રોજ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા ફટાકડાના વેચાણ/ફોડવા બાબતે પ્રદુષણનુ પ્રમાણ વધે નહીં તે બાબતે દિશા નિર્દેશો આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતા રાજકોટ શહેરમાં દિવાળીના તહેવારો દરમ્યાન GREEEN FIRE CRACKERS નો જ ઉપયોગ કરવામાં આવે તે રીતે નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

હું બ્રજેશ કુમાર ઝા (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી)(યુ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે, રાજકોટ શહેરમાં ફરજ બજાવતા ખાસ પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જા થી પો.હેડ કોન્સ. નો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું.

### : પ્રતિબંધીત કૃત્યો :

૧. સુપ્રિમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડા ઉત્પાદન અને વેચાણ પર નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ હાનીકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતા બાંધેલા ફટાકડા (Joint Firecrackers, Series Crackers or lairs) પર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકેલ છે.

૩. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૨૩-૧૦-૨૦૧૮ ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે. તેમજ વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધીત ઘોષીત થયેલ હોય. જેથી કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, કે રાખી શકાશે નહી, કે વેચાણ કરી શકાશે નહી.

૪. ઉપરાંત તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ મુકેલ છે.

૫. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

૬. હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે Petroleum and Explosive Safety Organization (PESO) સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર ફોડવાના સ્થળથી ૪ મીટરની દુરી સુધીમા 125 dB(A) અથવા 145 dB(C) પી.કે. થી ઓછો અવાજ પેદા કરે તેવા જ ફટાકડા વેંચી/વાપરી શકાશે. Petroleum and Explosive Safety Organization (PESO) દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર Petroleum and Explosive Safety Organization (PESO) સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે.

૭. દિવાળી-દેવ દિવાળી તથા અન્ય તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રીના ક.૨૦-૦૦ થી રાત્રીના ક.૨૨-૦૦ સુધી ફોડી શકાશે તેમજ ક્રીસમસ અને નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રે ક. ૨૩-૫૫ થી ૦૦-૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

૮. રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો-શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મીક સ્થળો, એરપોર્ટની નજીક ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

૯. કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટન (ચાઈનીઝ તુક્કલ, આતશબાજી બલૂન) નું ઉત્પાદન, સંગ્રહ તથા વેચાણ કરી શકાશે નહી. તેમજ કોઈ પણ સ્થળે ઉડાડી શકાશે નહી.

૧૦. લોકોને અગવડ ઉભી ન થાય, કોઈ પણ ભયજનક પરિસ્થિતીનું નિર્માણ ન થાય તે માટે રાજકોટ શહેરના બજારો, શેરીઓ, જાહેર રસ્તાઓ, ધાર્મિક સ્થળો, પેટ્રોલ પંપ, સી.એન.જી. પંપ, એલ.પી.જી., બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોનો સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

૧૧. દિવાળીના તહેવાર દરમ્યાન પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે માટે માત્ર Petroleum and Explosive Safety Organization (PESO) સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા GREEEN FIRE CRACKERS નો વેચાણ તથા ઉપયોગ કરી શકાશે.

૧૨. ફટાકડા બનાવવા માટે બેરીયમના ઉપયોગ પર સુપ્રિમ કોર્ટે પ્રતિબંધ મુકેલ છે.

૧૩. નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ફટાકડા ફોડવા સંબંધમાં આપેલ માર્ગદર્શક સુચનાઓનો ભંગ થતો હોવાની વિગતો ધ્યાને આવેલ હોવાનું દર્શાવી વખત નારાજગી વ્યકત કરેલ છે. 'ગ્રીન ક્રેકર્સ' ના નામે પ્રતિબંધિત ફટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થાય છે અને ઘણા કિસ્સામાં ફટાકડાના બોકસ કવર પરનો ક્યુ.આર.કોડ પણ નકલી હોવાનું જણાવેલ છે. જાહેર સ્વાથ્ય કે પર્યાવરણના ભોગે કોઈ ઉજવણી ન થઈ શકે તે બાબતે પર ભાર આપી નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પિટીશન (સિવિલ) નં. ૭૨૮/૨૦૧૫ માં તા. ૨૯-૧૦-૨૦૨૧ ના હુકમ (એનેક્ષર-૫) પ્રતિબંધિત ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓની સંપુર્ણપણે તથા સાચા અર્થમાં અમલવારી કરવા હુકમ કરવામા આવેલ છે. આ હુકમનું પાલન થાય તે સુનિશ્ચિત કરી ગૃહ વિભાગના તા. ૧૭-૧૨-૨૦૨૧ ના પત્રથી (એનેક્ષર-૬) સુચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

**: અમલવારીનો સમય તથા પ્રતિબંધ વિસ્તાર :**

તા. ૧૪-૧૦-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ થી તા. ૦૩-૧૧-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધી રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનારને વ્યકિતને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞાપ્તિ :**

તમામને વ્યકિતગત રીતે આ નોટિસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ શહેર વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ હુકમની નકલ ચોંટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવી.

આજ રોજ તારીખ ૧૩-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ અન્વયે કાઢેલ હુકમ**

## મકરસંક્રાતિ જાહેરનામું

ક્રમાંક : એસ.બી./ચાઈનીઝ તુક્કલ પ્રતિબંધ/૪૦૫૮/૨૦૨૫.- આગામી શરદ પૂર્ણિમા, દિવાળી, દેવ દિવાળી તથા તા. ૧૪-૦૧-૨૦૨૬ ના રોજ રાજકોટ શહેરમાં મકરસંક્રાતિ (ઉતરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) રાજકોટ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/ રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતાં હોય છે. જેના કારણે ટ્રાફિક અવરોધ ઉભો કરતાં હોય છે. તેમજ રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટસર્કિટના કારણે ગંભીર બનાવો બનતા હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતાં હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાના કારણે કોઈ વ્યક્તિના શરીરના કોઈ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે રાજકોટ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે. જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર જાહેર હિતમાં કેટલાક જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

તેમજ ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : HD/ MIS/e-file/B/2025/0778/SB તા. ૧૭-૦૯-૨૦૨૫ થી શરદ પુર્ણિમા થી દિવાળી, દેવદિવાળી તથા મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અંગે નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી જાહેરનામું બહાર પાડવા તેમજ ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન તથા ચાઈનીઝ દોરાના પ્રતિબંધ અંગે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જણાવેલ હોય.

નામદાર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાઓએ અરજી નં. ૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬ ના કામે તા. ૧૪-૧૨-૨૦૧૬ ના રોજ હુકમ કરી સમગ્ર દેશમાં કોઈપણ પ્રકારની સેન્થટીક દોરી કે જે નાયલોન, સેન્થેટીક મટીરીયલ, સેન્થેટીક પદાર્થથથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય કે જેના ઉપર કાચ અને લોખંડ કે અન્ય હાનિકારક તત્વોનો લેપ ચડાવી દોરા તૈયાર કરેલ હોય અને તેવા દોરા મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા કે તેનાથી પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ જાહેર કરેલ છે.

વાસ્તે, હું, બ્રજેશ કુમાર ઝા, આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ), ૩૩(૧)(ભ), ૧૧૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.હેડ કોન્સ.નો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુધ્ધ

ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છુ અને નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ ફુટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) પતંગ ચગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સેન્થટીક મટીરીયલ, કે સેન્થટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોગ્રેડીબલ હોય તે ચાઈનીઝ દોરી મેળવવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા પર.

(૩) કોઈ પણ પ્રકારના સેન્થટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઈ પણ પ્રકારના દોરા લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/ પાઉડર કે અન્ય કોઈ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય તેવા દોરા મેળવવા, સેન્થટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, સંગ્રહ કરવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવામ ાટે તેનો ઉપયોગ કરવા પર.

(૪) ઓનલાઈન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટિક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન(તુક્કલ) વેચવા પર.

(૫) દરેક સામાવાળોએ સેન્થટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સેન્થટીક કોટેડ દોરાની આયાત પર.

(૬) સવારના કલાક ક.૦૬-૦૦ થી ૦૮-૦૦ તથા સાંજના ક.૧૮-૦૦ થી ૨૦-૦૦ ના ગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર.

(૭) ચાઈનીઝ તુક્કલ ઉડાવવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર.

(૮) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત વગાડવા ઉપર કે ભાષણો કે પ્રવચનો કરવા ઉપર.

(૯) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

**: અમલવારીનો સમય અને વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૦૯-૧૦-૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા. ૦૬-૧૨-૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ તથા જી.પી. એકટ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**: જાહેર વિજ્ઞાપ્તિ :**

તમામને વ્યક્તિગત રીતે આ નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છુ કે, જાહેર જનતાની જાણ સારૂં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ હુકમની નકલ ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવી.

આજ રોજ તારીખ ૦૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**બ્રજેશ કુમાર ઝા**
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

**વંચાણે લીધા :**

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના, જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૫૧/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૧૧/ સી.એચ., તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ ની જોગવાઈઓ.

(૩) અત્રેના હુકમ નં. ફડચ/૦૧/છ/૪૧/૨૦૨૫, તા. ૨૭-૦૩-૨૦૨૫ વાળો મંડળીને ફડચામાં લઈ જવા અંગેનો વચગાળાનો આદેશ.

### અંતિમ આદેશ

જા. નં. ફડચ/૦૧/છ/૨૭૭૯/૨૦૨૫.-આથી હું એમ. એલ. અગરવાલ, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ ઉપરોકત વંચાણે લીધા ક્રમાંક-(૧) અને (૨) ની જોગવાઈઓને ધ્યાને રાખી મને મળેલ અધિકારની રૂએ શ્રી નરેડી સેવા સહકારી મંડળી લી., મુ. નરેડી, તા. અબડાસા-કચ્છ કે જે ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ હેઠળ નોંધણી ક્રમાંક : સે-૩૦૮૧, તા. ૨૯-૧૦-૧૯૫૮ થી નોંધાયેલી સહકારી સંસ્થા છે. તેને તે જ કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવા માટે ઉકત વંચાણ લીધા ક્રમાંક-(૩) વાળાથી ફડચાનો વચગાળાનો આદેશ કરવામાં આવેલ છે. જેની સામે મંડળીના જવાબદાર પદાધિકારીશ્રીઓ દ્વારા સમય મર્યાદામાં લેખિત કે મૌખિક રજુઆત કરવામાં આવેલ ન હોઈ તેને તે જ કાયદાની કલમ-૧૦૭(૩) હેઠળ આથી કાયમ કરવામાં આવે છે. અને ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), કચેરીમાંની નિમણુંક કરવામાં આવે છે. ફડચા અધિકારીએ ફડચાની કામગીરી નિયત મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

ભુજ-કચ્છ, ૦૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**એમ. એલ. અગરવાલ**
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક/નધણ/૮૪/૪૭૫/નં. CSGIRSE20251687.-જાહેર કરે છે કે શ્રી હેત સેવા સહકારી મંડળી લી.,

મંડળીનુ કાર્યક્ષેત્ર સુત્રાપાડા, વડોદરા ઝાલા પૂરતું મર્યાદિત.

સને ૧૯૬૧નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

ગીર સોમનાથ, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**એન. ડી. ગોહિલ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ગીર સોમનાથ

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0316/09/નં.CSRAJUSE202501597/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ખેડુત ઉત્પાદક ખરીદ વેચાણ અને પ્રોસેસિંગ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : ધોરાજી, તાલુકો : ધોરાજી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0076/10/નં.CSRAJSESH202501741/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી દ્વાદશ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના તારીખ : ૨૪-૦૭-૨૦૨૫ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૮૭ થી ૫૦૦/૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૭૭૩ થી ૭૮૮/૨૦૨૫.-આથી હું, ડો. બી. એન. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ગણેશ બાંધકામ કારીગર સહકારી મંડળી લી., મુ. સુપેડી, તા. ધોરાજી, જિ. રાજકોટ, નોંધણી નંબર ઉ-૭૩૩૬, તારીખ ૦૨-૦૨-૧૯૭૭ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના શ્રી એસ. ડી. શિરોયા, મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના તારીખ : ૨૩-૦૭-૨૦૨૫ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૫૦ થી ૪૬૨/૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૭૫૬ થી ૭૭૨/૨૦૨૫.-આથી હું, ડો. બી. એન. પટેલ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ઉપલેટા તાલુકા બાંધકામ કારીગર આદર્શ સહકારી મંડળી લી. મુ. મોટી પાનેલી, તા. ઉપલેટા, જિ. રાજકોટ, નોંધણી નંબર ઉ-૩૧૭, તારીખ ૦૧-૧૦-૧૯૭૩ ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના શ્રી પી. ડી. ચંદા, ઓડીટર ગ્રેડ-૨(પ્રમા.) સ.મં., રાજકોટ લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું.

જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**ડો. બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : ધરમ/૦૧/ગ-૨/૬૭/૨૭૬૪/૨૦૨૫.-મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી ૭૩૫ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., સર્વે નં., મુ. વર્ષામેડી, તા. અંજાર, જિલ્લો-કચ્છ ને સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને-૧૯૬૧) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSAHAA202501643

ભુજ-કચ્છ, ૦૩ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**એચ. જે. ગોહિલ**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
ભુજ-કચ્છ.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ–૧૯૬૧ની કલમ-૧૪૪ તથા (૨૦)(૧) હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૧-૦૭-૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૦૨/૩૦૧૧/ચ થી થયેલ સત્તા સોંપણી.

(૩) મુખ્ય પ્રયોજકશ્રી, શ્રીરાજ પેરેડાઈઝ કોમર્શીયલ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. જામનગરની તા. ૨૬-૦૫-૨૦૨૫ ના રોજ કચેરીમાં રજુ થયેલ નોંધણીની દરખાસ્ત અને ઓનલાઈન નોંધણી કરવાની નિયત કરેલ વેબસાઈટ www.ifp.gujarat.nic.in ઉપર કરેલ તા. ૨૩-૦૫-૨૦૨૫ ની ઓનલાઈન અરજી તથઆ અપલોડ કરેલ ફાઈલો

## હુકમ

ક્રમાંક : ફડચ/ગ-૨/ /૨૦૨૫.-ઉકત વંચાણે (૧) થી (૩) વિગતો લીધા આધારે શ્રીરાજ પેરેડાઈઝ કોમર્શીયલ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. જામનગરની આથી નોંધણી કરવામાં આવે છે. આ બાબતે મંડળીના નોંધણી પ્રમાણપત્ર ક્રમાંક : CSJAMSACO202500724 તા. ૧૦-૦૬-૨૦૨૫ આ સાથે સામેલ કરેલ છે. આ બાબત મંડળી નોંધવાની અરજી ઉપર જે સભ્યોએ સહી કરી હોય તેને તથા સંચાલકોને જાણ કરશો.

આપની મંડળીની પ્રથમ સાધારણ સભામાં હાજરી આપવા અને મંજુર કરેલા પેટા નિયમોને સાધારણ સભાએ માન્ય કર્યા છે તે બાબતેનો રીપોર્ટ સાધારણ સભામાં થયેલા કાર્યવાહીની ખરી નકલ અત્રેને મોકલી આપશો.

સામાન્ય રીતે પ્રથમ સાધારણ સભા મંડળી રજીસ્ટ્રેશન થયા પછી ત્રણ માસની અંદર ભરવી જોઈએ અને પેટા નિયમોમાં મુકરર કરેલ રીત મુજબ તે બાબતની નોટીસ દરેક સભાસદોને મોકલવી જોઈએ. નોટીસમાં સભા ભરવાની તારીખ, સ્થળ અને સમયનો ઉલ્લેખ તથા સભામાં થયેલ કામકાજ જણાવવું જોઈએ. ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૭૧ મુજબ રોકાણ કરવાનું રહેશે.

પ્રથમ સાધારણ સભાનુ કામકાજ સામાન્ય રીતે નીચે મુજબ હોય શકે.

(૧) સભાના અધ્યક્ષની નિમણુંક

(૨) મંજુર કરેલા પેટા નિયમો સ્વીકારી ''માન્ય'' કરવાનું રહે.

(૩) નવા સભાસદો દાખલ કરવા.

(૪) સભાની તારીખના ૧૪ દિવસ અગાઉ સંચાલકોએ કરેલા તમામ લેવડ દેવડનો અહેવાલ અને હિસાબોનું પત્રક રજુ કરી મંજુર કરાવવું.

(૫) પેટાનિયમ અનુસાર વ્યવસ્થાપક કમીટીની ચુંટણી કરવી.

(૬) વ્યવસ્થાપક કમીટી જે હદ સુધી ભંડોળ ઉભું કરી શકે તે મુકરર કરવું.

(૭) પેટા નિયમોને આધિન રહીને યોગ્ય રીતે રજુ થયેલુ બીજુ કામકાજ કરવું.

આ સાથેના પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે સુધારા-વધારા સાથે પેટા નિયમો મંજુર કરવામાં આવ્યા છે. જે પ્રથમ સાધારણ સભામાં ''માન્ય'' કરવા જોઈએ.

જામનગર, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
રાજકોટ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/ /૨૦૨૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, કૃષ્ણ

પાર્ક કો.-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. તા. ભાવનગર, જિ. ભાવનગર, ઠે. ૧૫૦ ફુટ રીંગ રોડ, શ્રીજી પાર્ટી પ્લોટની બાજુ માં, સિલ્વર વેલી ફલેટની પાછળ, ભાવનગર મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202501444

ભાવનગર, ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/ /૨૦૨૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, સતનામ હોમ્સ-૨ કો.-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. તા. ભાવનગર, જિ. ભાવનગર, ઠે. ચિત્રા-સિદસર રોડ, સતનામ ચોક, ભાવનગર, મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202501441

ભાવનગર, ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/હાઉ/ /૨૦૨૫.-મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ, ભાવનગર આથી જાહેર કરે છે કે, સ્વરા બિયોન્ડ કો.-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. તા. ભાવનગર, જિ. ભાવનગર, ઠે. પ્લોટ નં. ૨૧૪૯/બી/૧, ગુલીસ્તા ગ્રાઉન્ડ થી વડોદરીયા સર્કલ તરફના રસ્તે, ભાવનગર, મુ. તા. જિ. ભાવનગર સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવેલ છે.

નોંધણી નં. : CSBAVSAHAA202501440

ભાવનગર, ૦૯ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

**એન. ડી. ચાવડા**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ),
સહકારી મંડળીઓ, ભાવનગર.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0002/10/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી સોપાન એલીગન્સ ટાવર એ ટુ એચ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧(સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202501623, DATE 01-10-2025 છે.

રાજકોટ, ૦૧ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0004/10/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી સિલ્વર ફોરેસ્ટ હાઉસીંગ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી., મુ. તરઘડી, તા. પડધરી, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧(સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202501624, DATE 01-10-2025 છે.

રાજકોટ, ૦૧ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0007/10/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, કોપર ગ્રીન સીટી ટાવર ડી ઈએફ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., રાજકોટ, તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧(સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202501688, DATE 06-10-2025 છે.

રાજકોટ, ૦૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

**વાય. ડી. દુધાત્રા**
મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ

---

## ઈ.ચા. મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

**વંચાણે લીધા :**

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધ/ખ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૫/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૦૧-૦૫-૨૦૧૯ ના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૮૬૪૬/ખ-૪/૧૫૧/૧૯

(૪) ઈ.ચા. સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીના તા. ૧૧-૦૭-૨૦૨૫ ના પત્રાંક : ફડચ/છ-૨/૧૮/૨૫ થી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## આદેશ

ક્રમાંક : ફડચ/ખ-૪/૨૫૪/૧૬૨૧/૨૦૨૫.-આથી હું જે. એ. ઠાકર, ઈ.ચા. મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર(હાઉસીંગ), સહકારી મંડળીઓ,

જૂનાગઢ મને મળેલ સત્તાની રૂએ શ્રી રઘુવીર કો.ઓપ.હાઉ. સોસા. લી., મુ. તા. કેશોદ, જિ. જૂનાગઢ કે જે નોંધણી નં. નધણ/ખ-૩/૧૦૩૮૦, તા. ૦૩-૧૦-૧૯૮૩ થી નોંધાયેલ છે. આ મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪ તથા કલમ-૨૦ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક : ધ/ખ/૨૦૦૫/એન.એસ.બી./૧૨/૨૦૦૨/૩૦૫/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૩) અત્રેની કચેરીના તા. ૧૫-૦૪-૨૦૨૧ ના અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/૧૮૬૬૮/ખ-૪/૨૦૭/૨૧

(૪) ઈ.ચા. સહકારી અધિકારી (ફડચો) લગત કચેરીના તા. ૧૧-૦૭-૨૦૨૫ ના પત્રાંક : ફડચ/છ-૨/૧૯/૨૫ થી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

## આદેશ

ક્રમાંક : ફડચ/ખ-૪/૨૫૯/૧૬૨૬/૨૦૨૫.-આથી હું જે. એ. ઠાકર, ઈ.ચા. મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર(હાઉસીંગ), સહકારી મંડળીઓ, જૂનાગઢ મને મળેલ સત્તાની રૂએ શ્રી મંગલમ કો.ઓપ.હાઉ. સોસા. લી., મુ. તા. માંગરોળ, જિ. જૂનાગઢ કે જે નોંધણી નં. ૫૫૧૨૭, તા. ૨૭-૦૩-૧૯૭૩ થી નોંધાયેલ છે. આ મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦(૧) હેઠળ રદ કરૂ છું.

જુનાગઢ, ૧૮ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

**જે. એ. ઠાકર**
ઈ.ચા. મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ)
સહકારી મંડળીઓ, જૂનાગઢ.

---

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.06 12:17:55 IST